# ગાંધીનગરના હેત કલ્પેશ ભટ્ટ રાજ્યસ્તરની સ્પર્ધામાં ઝળક્યા

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત સરકારના રમત ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા રાજકોટ ખાતે યોજાયેલ રાજ્ય કક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં એકપાત્રિય અભિનય 'બ' વિભાગમાં ઉત્તર ઝોન તરફથી ગાંધીનગરનું પ્રતિનિધિત્વ કરતાં હેત કલ્પેશ ભટ્ટ સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમે વિજેતા ઘોષિત થયેલ છે. ઉલ્લેખનીય છે



કે આ અગાઉ પણ આ સ્પર્ધામાં સમગ્ર રાજ્યમાં હેત ભટ્ટ પ્રથમ અને દ્વિતીય ક્રમે વિજેતા રહી ચૂકેલ છે. તેઓ કેન્દ્રિય વિદ્યાલય, સેક્ટર ૩૦ ના વિદ્યાર્થી છે અને અલગ અલગ સ્પર્ધામાં વિજેતા શાળા તેમજ શહેરનું નામ રોશન કરતા રહે છે.

નગરના કલા જગત તરફથી તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.




સમર્પણ પબ્લિક સ્કુલ, સેકટર:૨૮ ખાતે તારીખ ૨૪ ડિસેમ્બરના રોજ વાર્ષિક કાર્યક્રમ ''સતરંગ-૨૦૧૯'' યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે શાળાના ચેરમેન શ્રી શંકરસિંહ વાઘેલા, મેનેજીગ ડાયરેક્ટર શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા તેમજ શાળાના આચાર્ય શ્રીમતી નિધિ શર્મા દ્વારા નિહાળવામાં આવ્યો હતો.આ કાર્યક્રમની મુખ્ય થીમ ''ભારત દર્શન'' પર રાખવામાં આવી હતી. જે દ્વારા વિદ્યાર્થીઓએ વિવિધ નૃત્ય રજુ કરી ભારતની એકતા તેમજ વિવિધતાના દર્શન કરાવ્યા હતા.સમગ્ર કાર્યક્રમને મહેમાનશ્રી દ્વારા વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી સન્માનિત કર્યા. આચાર્ય દ્વારા વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ તેમજ વાલીઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમને આનંદમય બનાવ્યો હતો.

# એસ વી પ્રિ-સ્કૂલમાં રમતોત્સવ




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.વી.ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં સ્પોર્ટ્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. બાળકો માટે ફિલ ધ બૉટલ, મ્યુઝીકલ રિંગ રેસ,ટેક ધ બૉલ, હર્ડલ રેસ,પૅક ધ બેગ, ફાઈન્ડ ધ થિંગ વગેરે રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તમામ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાનાં આચાર્ય જિજ્ઞા દર્પણ બુચે બાળકોને જીવનમાં ખેલ, રમત-ગમત અને શારીરિક ચુસ્તીનું મહત્વ સમજાવ્યું હતું તથા શિક્ષક તેજલ બારોટે તેઓને દરરોજ કસરત કરવાના અને એક્ટિવ રહેવાના શપથ લેવડાવ્યા હતા. અંતમાં, તમામ બાળકોને એનર્જી ડ્રિંક પીવડાવીને તરોતાજા કરવામાં આવ્યાં હતાં. આ ઉજવણીને સફળ બનાવવા માટે શાળાના તમામ શિક્ષકોએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી. વાલીઓએ પણ આ નવતર પ્રયોગને બિરદાવી, શાળા પરિવારની પ્રસંશા કરી હતી.



કલોલ તાલુકાની કાંઠા પ્રાથમિક શાળા ખાતે લોક સહકારથી સ્વ. ગાંડાભાઈ ગિરધાદાસ પટેલના સ્મરણાર્થે રામભાઈ ગિરધરદાસ પટેલ તરફથી શાળાના મુખ્ય પ્રવેશદ્વાર તથા પ્રવીણભાઈ ગાંડાભાઈ પટેલ અને રાજુભાઈ પટેલ દ્વારા શાળાનાં તમામ બાળકોને સ્વેટરની ઉમદા સેવા પૂરી પાડવામાં આવી છે. શાળા પરિવાર-એસએમસી વતી આચાર્ય સંજયકુમાર ભગોરા દ્વારા આ સેવાભાવનાને બિરદાવી દાતાઓ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે.પટેલ સ્કૂલમાં 'ફેન્સી ડ્રેસ' સેલિબ્રેશન કરાયું હતું. બાળકો દૂધવાળા, પોલિશમેન, રાની લક્ષ્મીબાઈ, ડોક્ટર, મુર્ગા, જોકર, મોબાઈલ ફોન તો કોઈ ટીચરના ડ્રેસ પહેરીને આવ્યાં હતાં. બાળકોએ સ્ટેજ ઉપર પોતાના પાત્રાનુરૂપ સ્પીચ પણ આપી હતી. 'બેટી બચાવો' વિષયે પણ એક બાળકીએ ખૂબ સરસ એવી સ્પીચ આપી હતી.

## જન્મદિને વધામણી



દિપકભાઈ એસ પટેલ



રંજનબેન એ શાહ
ફોન : ૨૩૨૩૭૩૩૩



જયેશભાઈ કે ગોહેલ
અધિક્ષક, સીએમ(એપીઆરઓ) ટીમ



આકાશ ભાવસાર
ડિરેક્ટર, નાયગ્રા હોટેલ્સ પ્રા.લિ.
મો. ૯૮૭૯૮ ૪૯૨૯૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# એસજી-એસવી સ્કૂલનો વાર્ષિક રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

સેક્ટર-૧૬માં આવેલી મહાત્મા ગાંધી વિદ્યાલયના મેદાનમાં એસવી અને એસજી અંગ્રેજી સ્કૂલનો વાર્ષિક રમતોત્સવ ઉજવાયો હતો. આ સ્પોર્ટ્સ ડે ની શરૂઆત દીપ પ્રાગટયથી થઈ હતી. આ પ્રસંગે સર્વ વિદ્યાલયના કેમ્પસ ડાયરેક્ટર સોમભાઈ પટેલ, પૂર્વ આચાર્ય કૌશલ્યાબેન, મહાત્મા ગાંધી વિદ્યાલયના આચાર્ય નટુભાઈ લાડાણી, મહેસાણાના પીઆઈ રાજુભાઈ ત્રિવેદી, શાળાના કેપ્ટન અને સ્પોર્ટ્સ કેપ્ટનના



વાલી મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આરંભમાં દરેક હાઉસની પરેડ થઈ હતી. ત્યારબાદ ઓથ, સૂર્યનમસ્કાર, જીમ્નાસ્ટીક, યોગા,કરાટેના દાવ વિદ્યાર્થીઓએ પ્રદર્શિત કર્યા હતા. પછી દરેક ધોરણના વિવિધ ડાન્સ રજૂ થયા હતા. ત્યારબાદ ધોરણ-૧થી૪ના વિદ્યાર્થીઓ માટે હર્ડલ્સ, ઝીગઝેગ દોડ, જમ્પિંગ, રીંગ પાસિંગ ,૫૦ મીટર દોડ તેમજ ધોરણ ૫થી ૮ના વિદ્યાર્થીઓ માટે ૧૦૦ મી.,૨૦૦ મી.,૪૦૦મી.,૬૦૦ મી.,૮૦૦ મી. દોડ, હર્ડલ્સ રેસ રિલે રેસ બ્રોડ જમ્પ, ગોળા ફેંક વગેરે રમતોનું આયોજન થયું હતું. આ રમતોત્સવમાં ગ્રીન હાઉસ વિજેતા બન્યું હતું. વિજેતા ખેલાડીઓને પ્રમાણપત્ર અને મેડલ આપી સન્માનીત કરાયા હતા.

# કલોલ તાલુકામાં માતૃવંદના સપ્તાહની ઉજવણી કરાઈ




ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં માતૃવંદના સપ્તાહની ઉજવણી તાજેતરમાં કરવામાં આવી હતી. પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અંતર્ગત આ ઉજવણી 'સુપોષિત જનની વિકસીત ધારિની' થીમ અંતર્ગત કરવામાં આવી હતી. આ પ્રસંગે નાયબ નિયામક ઈલાબા રામા, સ્ટેટ સીડીપીઓ, જિલ્લા પંચાયતનો સ્ટાફ અને કલોલ તાલુકા પંચાયતનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# સમગ્ર વિશ્વને શાંતિ અને ભાઈચારાથી એક સૂત્રમાં બાંધી શકાય

પ્રસંગસર



કુંતલ નિમાવત
knn786@gmail.com

શાંતિ માટે વિશ્વનો પ્રવાસ કરી રહેલા જાપાનના બૌદ્ધ ભદંત 'તેરાસાવા જુન્સાઈ'એ તાજેતરમાં ગાંધીનગરની મુલાકાત લીધી હતી.

'પ્રવર્તમાન પરમાણુ યુગમાં દેશો વચ્ચે દુશ્મનીનાં બીજ રોપાઈ રહ્યાં છે તેવા સમયે સમગ્ર વિશ્વને ફક્ત શાંતિ અને ભાઈચારાથી એક સૂત્રમાં બાંધી શકાય છે' તેવો એમનો મત છે.

મૂળ જાપાનના એક નાનકડા ગામમાં જન્મેલા આ બૌદ્ધ સાધુ હીરોશિમા-નાકાસાકીના વિનાશ અને તબાહીના સાક્ષી રહી ચૂક્યા છે. નાનપણથી જ પોતાના દેશની બરબાદી જોઈ તેમનું મન વિચલિત થઈ ગયું હતું અને ત્યારે ઘણા સવાલો મનમાં જાગ્યા હતા : આમ કેમ થયું ? ફરી ક્યારેય આવું નહીં થાય ને ? ન થાય એ માટે શું કરવું જોઈએ ?

મનમાં ચાલતા સવાલોને સાથે લઈને તેમણે ઘર છોડ્યું, પણ પોલીસે અટકાયત કરી અને બાળકે ઘર છોડ્યાનું જાણીતાં બાળકને માતાપિતા પાસે પરત જવા માટે સમજાવ્યો. નજીકમાં રહેતા કાકાને ઘેર તે પહોંચ્યા. કાકા એમની મનોસ્થિતિ જાણીને એમને બૌદ્ધ સાધુઓના મઠમાં લઈ ગયા. અહીં તેરાસાવાને અચાનક એક રાત્રિએ પૂર્ણ પ્રકાશ જોવા મળ્યો. આંખો અંજાઈ જાય તેવો પ્રકાશ જોઈ તે અંજાઈ ગયા. એ પછી તેમને ગુરુ 'ફુજી' મળ્યા ને તેઓ શાંતિના માર્ગે આગળ વધ્યા. થોડો સમય આશ્રમમાં રહ્યા બાદ તેઓ ઘેર પરત ફર્યા અને યુનિવર્સિટી કક્ષાનો અભ્યાસ પૂર્ણ કર્યો. સંસારમાં રહેતા તો હતા પણ મન સંસારમાં લાગતું નહોતું. એમને સતત શાંતિની શોધ રહ્યા કરતી.

વિશ્વમાં શાંતિ સ્થાપવાના દૃઢ નિશ્ચયથી તેઓ વિશ્વ પરિભ્રમણે નીકળી પડ્યા. હેતુ એક જ : માનવી-માનવી વચ્ચે ભાઈચારો સ્થાપિત કરવો અને યુદ્ધની ધાર પર ઊભેલા દેશો વચ્ચે મિત્રતા સ્થાપિત કરવી. ગાંધીનગરના તેજસ્વી યુવા પ્રજ્ઞેશ મેસરિયા અને હર્ષ પરીખના આમંત્રણને માન આપી તેઓ સૅક્ટર-૫ ખાતે તેમના નિવાસસ્થાને પધાર્યા હતા. અહીં પરિચિતોને બૌદ્ધ સાધુએ ભગવાન બુદ્ધના



વિચારો અને જીવન વિશે ખુલીને વાતો કરી હતી. 'ભારત દેશ ભગવાન બુદ્ધની ભૂમિ છે, અહીં અનેક દેવી-દેવતાઓનો વાસ છે, પરંતુ તેમ છતાં આ પવિત્ર ભૂમિ પર ક્યાંક અજંપો ને અશાંતિ વર્તાય છે' એમ જણાવી તેમણે ઉમેર્યું હતું કે અહીં પણ શાંતિ માટે પોતે પ્રયત્નરત છે.

તેમણે ગાંધીનગરના પોતાના રોકાણ દરમિયાન બ્રહ્માકુમારીઝ કેન્દ્રની મુલાકાત લીધી હતી અને કૈલાશદીદી સાથે વાર્તાલાપ કર્યો હતો. કૈલાશદીદીએ જાતે રસોઈ તૈયાર કરીને તેમને હેતથી ભોજન પિરસ્યું હતું. તેરાસાવા અહીંની મહેમાનગતિથી ગદ્ગદિત અને પુનિત વન જોઈને ખૂબ પ્રભાવિત થઈ ગયા હતા. તેમણે સૅક્ટર-૩માં કાર્યરત એસએસવી કેમ્પસની પણ મુલાકાત લીધી હતી.

ઉલ્લેખનીય છે કે વિશ્વ શાંતિની સ્થાપના અર્થે તેમની સાથે રશિયાના અત્ફર, ભારતના કેનઝીન અને કરઝાઈના નર્યન બેતોવ પણ પ્રવાસ કરી રહ્યા છે.